**CCDC - UPSC COACHING CENTRE**
**SU - JIO UPSC BHAVAN**
SAURASHTRA UNIVERSITY CAMPUS, RAJKOT- 360005.
E-MAIL ID:-upsc@sauuni.ac.in

તા.: ૨૩-૦૮-૨૦૨૬

**નમસ્કાર,**

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અંતર્ગત સૌરાષ્ટ્ર અને ગુજરાતના વિદ્યાર્થીઓ IAS/IPS બની ઉચ્ચ પદવી હાંસલ કરે તે હેતુથી વર્ષ 2019 થી SU-JIO UPSC ભવન કાર્યરત કરવામાં આવેલું છે.

આ SU-JIO UPSC ભવન **જૈન ઇન્ટરનેશનલ ઓર્ગેનાઈઝેશન (JIO)** નાં સંસ્થાપક **પરમ પૂજ્ય નયપદ્મસાગર મહારાજ સાહેબ અને પરમ પૂજ્ય મયણા મહાસતીજીની પ્રેરણા અને આશીર્વાદ તથા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનાં સાથ અને સહકારથી આ ભવન શરૂ કરવામાં આવેલ છે.**

**આ SU-JIO UPSC ભવન અંતર્ગત કુલ ૩૦ વિદ્યાર્થીઓએ UPSC પ્રિલીમ પરીક્ષા અને બે વિદ્યાર્થીઓએ UPSC MAINS પરીક્ષા સફળતા પૂર્વક પાસ કરી આગળ વધેલ છે, અને આ ભવનના કુલ ૧૨૫+ વિદ્યાર્થીઓ આજે ભારત સરકાર અને ગુજરાત સરકાર અંતર્ગત સેવા આપી રહ્યા છે.**

સૌરાષ્ટ્ર અને ગુજરાતના વિદ્યાર્થીઓને UPSCનું શ્રેષ્ઠ કોચિંગ મળી રહે તે હેતુથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા સંચાલિત આ ભવનમાં JIO (જૈન ઇન્ટરનેશનલ ઓર્ગેનાઇઝેશન) તરફથી દિલ્હીનાં **સર્વશ્રેષ્ઠ તજજ્ઞો** દ્વારા વિદ્યાર્થીઓને કોચિંગ આપવામાં આવે છે. આ SU-JIO UPSC ભવનનો ઉદ્દેશ્ય એ જ છે, કે સૌરાષ્ટ્ર અને ગુજરાતના વિદ્યાર્થીઓ UPSCની પરીક્ષા પાસ કરી IAS/IPS જેવા ઉચ્ચ હોદ્દાઓ પર પોતાનું સ્થાન અંકિત કરી પોતાનું, પરિવારનું, સમાજનું, રાજ્યનું અને દેશનું નામ રોશન કરે અને દેશની ખુબ સારી સેવા કરે, આ ઉદ્દેશ્યથી દિલ્હીના શ્રેષ્ઠ તજજ્ઞો રાજકોટ આવી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના આંગણે વિદ્યાર્થીઓને અભ્યાસ કરાવે છે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અંતર્ગત ચાલતા SU-JIO UPSC ભવનની ૭ વર્ષની ભવ્ય સફળતા બાદ આઠ**માં વર્ષમાં એટલે કે વર્ષ ૨૦૨૬-૨૭** માટે પ્રવેશ પરીક્ષાનું આયોજન કરવામાં આવેલ હતું.

**આ UPSC નાં કોચિંગ માટેની પ્રવેશ પરીક્ષામાં આપ ઉતીર્ણ થયા છો, તે માટે SU-JIO UPSC ભવન સૌને અભિનંદન પાઠવે છે. તથા આપનું હાર્દિક સ્વાગત કરે છે.**

SU-JIO UPSC ભવન અંતર્ગત આપને કુલ બે વર્ષ માટે પ્રવેશ આપવામાં આવે છે. આ બે વર્ષ દરમ્યાન આપે કોઈ પણ પ્રકારની ફી ભરવાની નથી એટલે કે આ સેન્ટર સંપૂર્ણ પણે નિ:શુલ્ક રીતે ચલાવવામાં આવે છે, **પરંતુ 8100/- રૂપિયા ડિપોઝિટ રાખવામાં આવેલ છે જે સેન્ટરના નિયમો અનુસાર આપનું કોચિંગ સંતોષકારક રીતે પૂર્ણ થયા બાદ પરત મેળવી શકશો.**

**SU-JIO UPSC CENTREનાં નિયમો જોવા - CLICK HERE**

**ખાસ નોંધ: SU-JIO UPSC ભવનનાં નિયમો વાંચી, સમજ્યા બાદ જ ડીપોઝીટ ભરવી. એક વાર ડીપોઝીટ ભર્યા બાદ કોઈપણ સંજોગોમાં ડિપોઝીટ પરત કે અન્ય વિદ્યાર્થીનાં નામ પર ટ્રાન્સફર કરી શકાશે નહિ, તેમજ ડીપોઝીટ પેટે ભરેલ ફી SU-JIO UPSC ભવનનાં નિયમો અનુસાર જ મળવા પાત્ર રહેશે. તથા જે વિદ્યાર્થીઓએ ડોક્યુમેન્ટ સબમિટ કરવાના બાકી હોય તેઓએ ડોક્યુમેન્ટ સબમિટ કર્યા બાદ જ ડીપોઝીટ ભરવી.**

CCDC - UPSC COACHING CENTRE
SU - JIO UPSC BHAVAN
SAURASHTRA UNIVERSITY CAMPUS, RAJKOT- 360005.
E-MAIL ID:-upsc@sauuni.ac.in

દરેક ઉમેદવારે પોતાની રહેવા તથા જમવાની વ્યવસ્થા જાતે જ કરવાની રહેશે.

**આપનું એડમિશન કન્ફર્મ કરાવવા માટે નીચે આપેલ બેંક અકાઉન્ટમાં આપની ડિપોઝિટની ફી રૂ. ૮૧૦૦/- તા.૨૩/૦૮/૨૦૨૬ થી તા.૨૭/૦૮/૨૦૨૬ સુધીમાં ફક્ત ઓનલાઈન (ગૂગલ પે / ફોન પે / ભીમ UPI / પે-ટીએમ) દ્વારા ભરી શકાશે. અન્ય કોઈ માધ્યમથી ડીપોઝીટ ભરી શકાશે નહિ, જેની દરેક ઉમેદવારોએ ગંભીર નોંધ લેવી.**

| | |
|---|---|
| BANK NAME: - | CENTRAL BANK OF INDIA |
| BRANCH: - | SAURASHTRA UNIVERSITY CAMPUS |
| ACCOUNT HOLDER NAME: - | REGISTRAR SAURASHTRA UNIVERSITY |
| ACCOUNT NO.: - | 3843495720 |
| IFSC CODE: - | CBIN0281313 |

જે ઉમેદવારો નિયત સમય મર્યાદામાં ડિપોઝિટ ભરવામાં નિષ્ફળ જશે તેમનુ એડમિશન રદ ગણવામાં આવશે. આપે ભરેલ ડીપોઝીટ ફી ની પહોચ (પૈસા જમા કરાવેલ છે તેવો સ્ક્રીનશોટ) સાચવીને રાખવાનો રહેશે. આ સ્ક્રીનશોટ ભવન દ્વારા જયારે રજુ કરવાનું કહેવામાં આવે ત્યારે રજુ કરવાનો રહેશે. ઉપરાંત એક વાર પેયમેન્ટ થઇ ગયા બાદ એડમિશન ફોર્મ ભરવાનું રહેશે.

આ ભવનનમાં પ્રવેશ મેળવવા તથા પ્રવેશ બાદનાં નિયમો વાંચી, સમજીને આગળ વધશો. પ્રવેશ સબંધિત પ્રશ્નો માટે ભવનના સત્તાવાર ઈ-મેઈલ (upsc@sauuni.ac.in) અથવા ફોન નંબર ૯૫૧૨૮૨૮૫૧૧ ઉપર સંપર્ક કરી શકો છો.
આ ભવન નાં નિયમોમાં ફેરફાર કરવાનો અબાધિત અધિકાર SU-JIO UPSC BHAVANની જ રહેશે.

આભાર.
તારીખ: ૨૩/૦૮/૨૦૨૬
સ્થળ: રાજકોટ

**Dr. Sanjay Pandya**
**Co-ordinator (SU)**
**SU-JIO UPSC Bhavan**

**Dr. Mehul Rupani**
**Co-ordinator (JIO)**
**SU-JIO UPSC Bhavan**